પ્રસ્તાવના.

પુરૂષાર્થનું અગત્ય દર્શાવનારા કોઈ પણ અ
પ્રસ્તાવનાની કવચિતજ જરૂર હોય, એમ અમો
નીએ છીએ. મેઘની વૃષ્ટિ અને સૂર્યના પ્રકાશના
બુધી જેમ કોઇ મનુષ્ય અજ્ઞાત હોતો નથી,
ઉદ્યોગથી થતા ફાયદાથી પણ કવચિતજ કોઇ સવિ
મનુષ્ય અજાણ્યો હશે. આ વાત સત્ય છે, છતાં
મનુષ્યો જોઇએ તેટલા ઉદ્યોગ પરાયણ જોવામાં
પતા નથી. તેનાં કારણો ભિન્ન ભિન્ન હોય છે.
ટલાક એકલા પ્રારબ્ધવાદીજ હોય છે, અને ઉદ્
ઉપર ફળ પ્રાપ્તિનો આધાર છે, એવું તેઓ મા
નથી. વળી બીજા કેટલાક એવા હોય છે કે, જે
ઉદ્યોગનેજ માનનારા અને પુજનારા છે. પ્રારબ્ધ
કર્મના અસ્તિત્વનો તેઓ સ્વીકાર કરતા નથી.
બને પક્ષના મનુષ્યોએ સૃષ્ટિ નિયમનો પૂર્ણ અ

પ્રસ્તાવના.

પુરૂષાર્થનું અગત્ય દર્શાવનારા કોઇ પણ ગ્રંથને પ્રસ્તાવનાની ક્વચિતજ જરૂર હોય, એમ અમો માનીએ છીએ. મેઘની વૃષ્ટિ અને સૂર્યના પ્રકાશના ગુણથી જેમ કોઇ મનુષ્ય અજ્ઞાત હોતો નથી, તેમ ઉદ્યોગથી થતા ફાયદાથી પણ ક્વચિતજ કોઇ સવિચાર મનુષ્ય અજાણ્યો હશે. આ વાત સત્ય છે, છતાં પણ મનુષ્યો જોઇએ તેટલા ઉદ્યોગ પરાયણ જોવામાં આવતા નથી. તેનાં કારણો ભિન્ન ભિન્ન હોય છે. કેટલાક એકલા પ્રારબ્ધવાદીજ હોય છે, અને ઉદ્યોગ ઉપર ફળ પ્રાપ્તિનો આધાર છે, એવું તેઓ માનતા નથી. વળી બીજા કેટલાક એવા હોય છે કે, જેઓ ઉદ્યોગનેજ માનનારા અને પૂજનારા છે. પ્રારબ્ધ યા કર્મના અસ્તિત્વનો તેઓ સ્વીકાર કરતા નથી. આ બને પક્ષના મનુષ્યોએ સૃષ્ટિ નિયમનો પૂર્ણ અભ્યાસ

અમેરિકાની સ્થીતિમાં સ્વપ્નમાં પણ નહિ ધારેલો
, તેથી તેઓનો ફેરફાર થયો છે. ને જુના રોગની આકુનિક
કા છે. સ્થીતિ નાતિના દ્રષ્ટિથી જેવી ગણાથી હોઇએ, તે
મુખ્ય કહીકતો માટે રજુવા છતાં અમે તો કંઇ પુખ્ત
મુશ્કેલીને, હો કંઇ થયું છે, ને ઉદ્યોગથી થયું છે કે ઓળ
ારે તેઓ કેટલી! અ-ઉદ્યોગથી નેવી સ્થીતિ પ્રાપ્ત થઇ
ાની અસરોમાં તો, આ લઘુ ગ્રંથ વાંચીને તેજ દિશામાં તેવીજ
લોઉં કે સ્થીતિનો ઉદ્યોગ કરવાની આશા વાચક મિત્રને અમે
ામે ઉદારભાવથી કરીએ છીએ. હાલના જમાનામાં એતિહ
ી ગયા છે, થાના રહેલા એ સ્થિતિને અમસ્થીતિ રહેવ
ી સેવી, કંતો. તેઓ ઓળ પંથના રોગથી પસાર પામ્યા છે,
હીત પોતેના કામાં પણ વિશેષ અવનતિના ખાડામાં ઉતરશે.
નામ કર્યું એ આખરની પણ જમાનાના બળને ઓળખીને
વર્તની ધામધાનામાં જરૂરની અને સમયાનુસાર સુધારણા
કરતા આવી તો, તેઓનાં નામ અને તેમની પ્રવ
ા પડીશ કે ઓનાં કામ પુસ્તી પર ઉપરથી અસર પામતાં ના
કરવામાં એ ઘણી જરૂરી.
ા કોમ

पुरुषार्थ सिद्धि.

उद्यमः साहसं धैर्यं बुद्धिः शक्तिः पराक्रमः
वर्तते यत्र वर्तन्ते तत्र देव सहाय कृत् ॥

અર્થ—ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બુદ્ધિ, શક્તિ, અને પરાક્રમ એ છ વસ્તુ જ્યાં રહે છે; ત્યાં દેવનો સહાય છે એમ સમજવું.

આ જગત રૂપી મહા શાળામાં પ્રાણી માત્રને પ્રથમ ઉદ્યોગનુંજ શિક્ષણ આપવામાં આવે છે. અને ત્યારબાદ ઉદ્યોગના પ્રકાર અને તેના ફાયદા જણાવવામાં આવે છે. એટલુંજ નહિં પણ ઉદ્યોગ ન કરવાથી અને નિરૂદ્યમી તથા પ્રમાદી રહેવાથી કેટલી કેટલી હાની થાય છે, અને કેવી કેવી અધમ

ઉદ્યોગ વડેજ સર્વે મનવાંચ્છીત ફળ પ્રાપ્ત થશે, એવા સંપૂર્ણ વિશ્વાસથી તન, મન, અને વચનથી કમર કરીને સર્વ કોઇ ઉદ્યમની સેવામાંજ અહોરાત્ર મશગુલ રહે છે.

બાળક જન્મે છે ત્યારથી તેનાં હસ્ત પાદાદિ સર્વે અવયવો ઉદ્યોગમય અને ઉદ્યોગ વ્યાપ્તજ દેખાય છે. એટલુંજ નહિ પણ, તેઓ ઉત્સાહ અને ચપળતાથી ભરેલા હોય તેવા પ્રત્યક્ષ દેખાય છે. તે બાળક એક ક્ષણવાર પણ સ્થિરતા પૂર્વક નિરૂદ્યમી બેસી શકતો નથી. એની દૃષ્ટિ જે જે વસ્તુ પર પડે છે;તે તે વસ્તુ તે તરત ઉપાડે છે, જુએ છે, ચાખે છે, સોંઘ સાથે પછાડે છે; અને તેનો પોતાથી બનતો અનુભવ મેળવે છે. તે નક્કર છે કે પોલી? કાળી છે કે ધોળી? સ્વાદિષ્ટ છે કે બેસ્વાદ છે? તે સઘળું જાણવાનો તેનો પ્રયત્ન આપણે તેને નારાજ કર્યા વગર રોકી શકતા નથી. હવે આ પ્રમાણે અનુભવ મેળવવાના કામમાંથી તે જ્ઞાન થયો કે તે બીજી વસ્તુના રૂપ, આ-

આપણામાંથી [illegible] ને આત્મિક નિરૂપણ નીકળે છે,
કેમકે તેનું હાર્દ તેમની શારીરિક [illegible] કે તેવ
[illegible] નું અસ્તિત્વ પણ જાણે હોય છે,
[illegible] આવો [illegible] થવા [illegible]
પૃથ્વીમાં જેમકે જે કે અનુભવ અને ક્રિયા શક્તિ
[illegible] છે; તે પોતાના જીવ અને ઉદ્યમ [illegible]
[illegible] છે એ વાત સર્વને વિદિત છે. આપણે [illegible]
[illegible] થી [illegible] સૌ. આપણને [illegible]
છે, આપણી [illegible] માં અને [illegible] માં [illegible]
[illegible] અને [illegible] કહી નથી [illegible]

[illegible] છે કે, આપણે [illegible]
[illegible]
[illegible] નથી. આ વાત [illegible] અને [illegible]
[illegible] છે, અને એ [illegible] અનુભવ [illegible]
[illegible] છે. [illegible]
[illegible]
[illegible] નથી. તે [illegible], [illegible], અને [illegible]

સ્થાન અને સંઘેણની વાટ જુએ છે, કેટલાક કેવળી રાએ દીઠું હશે, તેમ થશે, એમ ધારી બેસે છે. કેટલાક કેવળ ઉદ્યોગનેજ માને છે. અને તેની સહાયથી અહોનિશ કાર્ય સંકલના કરે છે. કેટલાક નસીબને મુખ્ય અને પુરૂષાર્થને ગૌણ માને છે. અને કેટલાક પુરૂષાર્થને મુખ્ય ને નસીબને ગૌણ માને છે. ઉદ્યોગ અને પ્રારબ્ધના પ્રાબલ્યની સામસામી દલીલોનો વિષય એટલો બધો ગહન છે કે તેનો ફેંસલો કરવાનું કામ ધારીએ છીએ, તેટલું સહેલું નથી. પણ મહાત્મા પુરૂષો આ વિષય સંબંધે જે નિશ્ચય ઉપર આવેલા છે, તે લક્ષ પૂર્વક જાણી લીધા પછી આપણને સમજાયા વગર રહેતું નથી. કે જેઓ ફકત નસીબ અગર પુરૂષાર્થને એકનેજ માને છે. તેઓ જૈન આગમ પ્રમાણે ભૂલેલા છે. કારણ કે પવિત્ર જૈન આગમમાં પુરૂષાર્થને મુખ્ય અને અન્ય ચાર કારણોને ગૌણ પદ રાખેલાં છે. તમે કહેશો કે પાંચ કારણ માનવાની શી જરૂર છે? કારણ કે કોઇ પણ એક કાર્ય

ધ્યાન અને સંપેળુની વાટ જુએ છે, કેટલાક કેવળી મહારાજે દીઠું હશે, તેમ થશે, એમ ધારી બેસે છે. કેટલાક કેવળ ઉદ્યોગનેજ માને છે, અને તેની સહાયથી અહોનિશ કાર્ય સંકળના કરે છે. કેટલાક નસીબને મુખ્ય અને પુરૂષાર્થને ગૌણ માને છે, અને કેટલાક પુરૂષાર્થને મુખ્ય ને નસીબને ગૌણ માને છે. ઉદ્યોગ અને પ્રારબ્ધના પ્રાબલ્યની સામ સામી દલીલોનો વિષય એટલો બધો ગહન છે કે તેનો ફેંસલો કરવાનું કામ ધારીએ છીએ, તેટલું સહેલું નથી. પણ મહાત્મા પુરૂષો આ વિષય સંબંધે જે નિશ્ચય ઉપર આવેલા છે, તે લક્ષ પૂર્વક જાણી લીધા પછી આપણને સમજાયા વગર રહેતું નથી, કે જેઓ ફકત નસીબ અગર પુરૂષાર્થને એકનેજ માને છે. તેઓ જૈન આગમ પ્રમાણે ભૂલેલા છે. કારણ કે પવિત્ર જૈન આગમમાં પુરૂષાર્થને મુખ્ય અને અન્ય ચાર કારણોને ગૌણ પદ શપેલાં છે. તમે કહેશો કે પાંચ કારણ માનવાની શી જરૂર છે? કારણ કે કોઇ પણ એક કા-

પૂર્ણ બળથી કરવામાં આવે પણ જો ભાવી નબળું હોય તો શી રીતે ધાર્યું ફળ મળશે? આ દલીલ પણ ભુલ ભરેલી છે. ઉદ્યોગ કરીને અજમાયશ લીધા વગર નસીબ નબળું છે, તેમ માની લેવું તે અન્તવ્ય ન કરી શકાય તેવી મનુષ્ય મનની નબળાઈ છે. સત્પુરૂષાર્થ હોય તો કાર્ય સિદ્ધિ થોડે ઘણે દરજ્જે થયા વગર રહેતી નથી. માટે દરેક સશક્ત પુરૂષે પુરૂષાર્થ કરવોજ જોઈએ. કારણ કે નસીબ એ પણ પુરૂષાર્થનુંજ કાર્ય છે, એટલે કે ભુત કાળના પુરૂષાર્થના ફળનો સંચય તે નસીબ, અને વર્તમાન કાળનો પુરૂષાર્થ તે આ જન્મનો ઉદ્યોગ અને આવતા ભવનું નસીબ એમ કરે છે. જ્યારે આમ છે, ત્યારે દરેક પુરૂષે સત્પુરૂષાર્થ કરવોજ જોઇએ કે, જેથી આ ભવ તેમજ પર ભવમાં સુખ પ્રાપ્ત કરી શકાય. આ ભવમાં જે ઉદ્યોગ કર્યો હશે. અને તે જો નીતીથી અને પ્રમાણિકપણાથી કર્યો હશે તો તેને સારે પરિણામે ભાવિનું સ્થૂળ પણ સારૂં બંધાશે, અને પર ભ-

ને વિવિધ વિચારો કરી ઉધામ કરે છે. પછી
ક આખરે જ્યારે સરવૈયું કરે છે. ત્યારે એ ન-
ાયો હોય તોપણ નસીબ ઉપર રાખે છે. અને
ાની ધણ હોય તોપણ નસીબ ઉપર આધાર રાખે છે.
ણ કે તે નિમિત્ત આગળ ધરવાથી તેની હુંશીયા-
ક લાગણી શાંત થાય છે. તે કુદરતના નિયમને
ને ધણાં ગણીએ છે અને તેની ગર્વની અને રિનતા
. લાગણી ઓછી થાય છે. એટલે કે પૈસાની પ્રાપ્તી-
. જે ગર્વની અને તેના નુકસાનથી જે રિનતાની
ાગણી ઉદ્ભવે છે, તે નસીબના બાનાથી હદનું
ઉલ્લંઘન નહિ કરતાં પાછી સમાઈ જાય છે. ન-
સીબ માનવાના આ ગુણ કેટલાને નહિ સમજનારા
એન વિચારે નસીબ ઉપર આધાર રાખવાની ટેવ
પાડતાં શીખે છે, પણ તે તેમના હકમાં બહુ નુકસા-
નકારક નીવડે છે. કારણ કે નસીબના ખરા અર્થની
ઝેર સમજણને પરિણામે, આપણે આળસુ બનતાં
શીખે છે. અને નસીબમાં લખ્યું હશે તેમ થશે. એ

ન્તરની આબાદીમાં પછાત છે. તેનું કારણ પણ આવા લોકોનું નિરૂદ્યમીપણું જ છે. દેશની ધાર્મિક, સાંસારિક કે સામાજીક પ્રકૃતિનો અભાવ જે હાલ જોવામાં આવે છે, તેનું કારણ પણ ઉક્ત આચાર વિચારવાળા માણસોજ છે. આર્યાવૃતની આવી દુઃખદ સ્થિતિ નીહાળીને કયા હિંદવાસીના હૃદયમાં દયાની સાથે શોકની લાગણી ઉત્પન્ન નહિ થાય?

ભરતખંડ અધોર દશામાં છે, કારણ કે લોકો નિરૂદ્યમી અને પ્રમાદી છે. ઉદ્યમ કરવો તેમને અલખામણો લાગે છે. તેમને મફતનું ખાવાનું અને ખરચવાનું મળે તો તેઓ શેકયો પાપડ ભાંગવાની પણ નરી લે તેવા નથી. અરે! જેઓ ઉદ્યમનો બોજ કરે છે, તેઓ પણ જેવા જોઈએ તેવા ઉદ્યમી આ દેશમાં જોવામાં આવતા નથી. તેઓ ઘણી ખરી વખત ભુલી જાય છે કે દુનિયામાં મનુષ્યની કીંમત તેના વિચારથી કે કહેણી માત્રથી થતી નથી, પણ વિચાર અને કહેણી પ્રમાણે રહેણી—વર્તન હોય તોજ

થી કેવી સરસ અને આબાદ અસર થાય છે, તેને તેમને સંપૂર્ણ માહીતી છે. તેઓ પોતે ઉદ્યોગ કરવા ના બોધ આપીને ખુરશી કે ગાદી તકીએ બેશી રહેવાની આદતવાળા હોતા નથી. તેઓ અખંડ ઉદ્યોગી, આગ્રહી અને નિષ્ફળ થયા છતાં પણ પુનઃ પુનઃ પ્રયત્ન કરવાના અલૌકિક સ્વભાવવાળા જોવામાં આવે છે. તેઓનું વર્તન અનુકરણીય, આદરણીય, અને પૂજ્ય દેખાય છે. ખચીત આવા ઉમદા વર્તનવાળા મહાત્માઓ જે દેશમાં જન્મ પામ્યા હોય છે, તેજ દેશ સર્વ પ્રકારે સુખી અને આબાદ હોય છે. તેઓ પોતાના દેશી બંધુઓને આળસના ગુલામ થતાં તથા પ્રમાદને તાબે થતાં અટકાવે છે. ઉદ્યોગ એજ ખરા સુખને અને આબાદીને આપનારો છે, એ રૂડા સૂત્રનું ઉમદા શિક્ષણ તેઓ અહોનિશ પોતાના દેશી બંધુઓને આપે છે. તેમનું આ પ્રતિનું શિક્ષણ ખરેખર યથાર્થ છે. કારણ કે કહ્યું છે કે:—

ઉદ્યોગ પૂર્ણ હોય યુવક ઉંમરનાં મનુષ્યોને બોધકારક આદર્શ રૂપ સર્વથા દશ્યમાન થાય છે, તે બાળકો પોતાના પ્રવૃત્તિમય જીવનથી, ઉદ્યોગી થવાનો ધડો આપતા નથી એમ કોણ કહેશે ? બાળકોની આવી ઉદ્યોગ પરાયણ નિર્દોષ જીંદગીનું કારણ સમજવું મુશ્કેલ નથી. કારણ કે બાળકોને આળસનો અને તજ્જન્ય ખાલી મોજમજા તથા ખોટા સુખનો અનુભવ થયો નથી. તેથી તેમનાં શરીરો ઉદ્યોગના જુસ્સાથી અને ઉત્સાહથી ભરેલાં હોય છે, ઉદ્યોગ વગરનું જીવન કેવું હોય શકે, અગર તેવા જીવનનું અસ્તિત્વ સંભવે કે નહિ, તે તેઓ જાણતા નથી.

પણ અફસોસ! કે ઉદ્યોગની પ્રીતિની આ સ્થિતિ ને બાળકો લાંબો વખત ભોગવતાં નથી. કારણ કે મોટાં અને સમજણાં થતાં અવલ આળસુ માણસોના પરિચયમાં તેઓ આવવા લાગે છે, અને તે સંગ દાષથી તેઓ આળસુ થતાં શીખે છે. કુસંગથી શું શું હાની નથી થતી ? બલ્કે સર્વ પ્રકારની હાની

ા આડવા લાગી, પગથી ચલાય નહિ. હાથથી કામ થાય નહિ. એવી સ્થીતી બધી ઇંદ્રિઓની થઈ, અને ઘાતક વખતમાં આવી રીતે અશક્ત પડેલી બધી ઇંદ્રિઓ ભેળી મળીને વિચાર કર-વાગી કે, આપણી સર્વેની આવી સ્થીતિ થવાનું (ક)ણ શું હશે? આ વખતે જઠર કે જે આજદીન સુધી ન રહ્યું હતુ, તે બોલ્યું કે, અરે! અવિચારી ઇં-ઓ તમને મારી ઉપયોગીતાનું ભાન નથી? અને મારા પોતાના પોષણ માટે હું જે કામ બજાવું છુ, તે મને માલમ નથી? પણ ખોરાકને પચાવી તેનું લોહી બનાવવાનું, અને તે લોહી તમારી નાની મોટી ના-ઓ દ્વારા શરીરના જુદા જુદા ભાગ તરફ મોકલવાનું ઘણું ઉપયોગી કામ હું બજાવું છું. માટે હું નિરૂપ-ી નથી, પણ ઉપયોગી છું. અને નિરૂપયોગી નથી; પણ તમને સર્વેને એક સરખી રીતે ઉપયોગી છું. જઠરનું આ બોલવું સાંભળીને સર્વે ઇંદ્રિઓ આશ્ચર્ય પામી, અને જઠરનો ઉપકાર માની પુર્વવત પોતાનાં

ક્રમ અટકવા લાગી, પગથી ચલાય નહિ. હાથથી કોઈ કામ થાય નહિ, એવી સ્થીતિ બધી ઇંદ્રિઓની થઇ પડી, અને કેટલાક વખતમાં આવી રીતે અશક્ત થઇ પડેલી બધી ઇંદ્રિઓ ભેગી મળીને વિચાર કરવા લાગી કે, આપણી સર્વની આવી સ્થીતિ થવાનું કારણ શું હશે? આ વખતે જઠર કે જે અત્યાર સુધી મૌન રહ્યું હતું, તે બોલ્યું કે, અરે! અવિચારી ઇંદ્રિઓ તમને મારી ઉપયોગીતાનું ભાન નથી? અને તમારા પોતાના પોષણ માટે હું જે કામ બજાવું છું, તે તમને માલમ નથી? પણ ખોરાકને પચાવી તેનું લોહી બનાવવાનું, અને તે લોહી તમારી સૌની પુષ્ટી માટે નસો દ્વારા શરીરના જુદા જુદા ભાગ તરફ મોકલવાનું બહુ ઉપયોગી કામ હું બજાવું છું. માટે હું નિરૂપગી નથી, પણ ઉપગી છું. અને નિરૂપયોગી નથી; પણ તમને સર્વને એક સરખી રીતે ઉપયોગી છું. જઠરનું આ બોલવું સાંભળીને સર્વ ઇંદ્રિઓ અજાયબ પામી, અને જઠરનો ઉપકાર માની પુર્વવત્ પોતાનાં

ાવે કામધ્યો બેસે છે, તેમ દૈવપર આધાર રા-
ા મનુષ્યોમાં પણ અવગુણો આપોઆપ પ્રવેશ
શકે છે.

વળી કહ્યું છે કે,—

ानमिव मंडूकाः सरपूर्णमिवाण्डजाः
ांगं नरमायान्ति विवशाः सर्वे संपदः ॥

અર્થ—દેડકા જેમ નિપાન માર્ગને પામે છે, અં-
જંતુઓ જેમ પરિપુર્ણ સરોવરને પામે છે, તેમ
ની પુરૂષને સર્વ સંપત્તિ આવી મળે છે...

માટે સર્વ સુખ અને સંપત્તિ મેળવવાની જેની
ા હોય, તેણે નસીબપર આધાર ન રાખતાં પુરૂ-
નો આશ્રય લેવો.

જુઓ, આજથી બસો વર્ષ પહેલાં અમેરિકાની
ાતિ કેટલી બધી દયાજનક હતી, અને તે વખતે
ે પણ ત્યાંના લોકોના ધારવામાં હશે કે એક વખ-
ો વિદ્યા, કળા અને હુન્નરમાં સર્વ દેશ ઉપ-

ત્યારે ત્રણે મિત્રોએ કહ્યું કે, અરે! જ્યારે આપ તખ્તનશીન થશો, ત્યારે તો અમારી ઓળખાણ પણ શેની રાખશો? અને અમને દર્શન પણ શાનાં આપશો? આ સાંભળી રાજપુત્રે કહ્યું કે, એમ કદી અનશેજ નહિ. હું તમોને આ ચીઠી લખી આપું છું. માટે તમો જ્યારે મારો રાજ્યાભિષેક થયાનું સાંભળો, ત્યારે તે લઇને ખુશીથી મારી પાસે આવજો.

હવે અમુક સમય વીતે તે રાજપુત્ર રાજ્યાસન-પર બીરાજ્યો, અને તે બનાવ બન્યાને થોડો વખત થવા બાદ, પેલા ત્રણ મિત્રો ભેગા થઇને રાજપુત્ર પાસે ગયા, અને જુની બાળપણની ઓળખાણની યાદ આપીને પેલી ચીઠી આપી. રાજપુત્ર તેમને જોઇને ઘણો ખુશી થયો, અને પ્રધાનને કહ્યું કે, આ દરેકને આવતી કાલથી એકેક દિવસનું રાજ્ય આપવાની મારી ઇચ્છા છે; માટે જેવી રીતે મારી સેવામાં સર્વ કોઇ રહે છે, તેવી રીતે તેમની તહેનાતમાં સર્વ કોઇ રહે, તેવો તમારે બંદોબસ્ત કરવો.

રાજ્યાભિષેકની ક્રિયાની ધામધૂમ અને ધમાલમાં સવારના દશ તો વાગી ગયા, અને ભોજનનો વખત થયો, એટલે ભોજનગૃહમાં જઈને વિવિધ પ્રકારનાં ભોજનો આરોગ્યાં, અને જમણમાં મિષ્ટાન અને લાડુ મળ્યા, એટલે બ્રાહ્મણ ભાઈને સ્વર્ગ મળ્યું એમ જાણીને સારી રીતે હાથ માર્યો. પેટ ઠાંસીને ખાવાથી પાટલા ઉપરજ શરીરને સુસ્તી જણાવા લાગી, અને ઝોકાં આવવા લાગ્યાં. માટે પરબારા પલંગપર પોઢવાને પધાર્યા, અને તે પલંગપર નિદ્રા તો એવી મીઠી આવી કે, ઠેઠ સાંજના ચાર વાગે જાગ્રત થયો. ઉઠીને જુવે છે, તો સાંજ પડી ગઈ હતી. તેથી ત્વરાથી હાથ, પગ અને મોઢું સાફ કરીને કચેરીમાં ગયા. હવે સાંજે ફરવા જવાને માટે ત્યાં પ્રધાને ગાડી તૈયાર રખાવી હતી. તેમાં બેસારીને ગામમાં ચક્કર મારવા લઇ ગયો. આખા ગામમાં સારી રીતે ગલીએ ગલીએ ફર્યા, અને ફરીને કચેરી પાસે આવ્યા, એટલે તો દિવસ અસ્ત થઈ ગયો હતો. માટે

રાજ્યાભિષેકની ક્રિયાની ધામધૂમ અને ધમાલ-
સવારના દશ તો વાગી ગયા. અને ભોજનનો
મન થયો, એટલે ભોજનગૃહમાં જઈને વિવિધ પ્ર-
રનાં ભોજનો આરોગ્યાં, અને જમણમાં મિષ્ટાન
નિ શાક મળ્યા, એટલે બ્રાહ્મણ ભાઈને સ્વર્ગ મળ્યું
મ જાણીને સારી રીતે હાથ ઠાર્યો. પેટ ઠાંસીને
ાવાથી પાટલા ઉપરજ શરીરને સુસ્તી જણાવા
ાગી, અને ઝોકાં આવવા લાગ્યાં. માટે પરભારા
લંગપર પોઢવાને પધાર્યા, અને તે પલંગપર નિદ્રા
ા એવી મીઠી આવી કે, ઠેઠ સાંજના ચાર વાગે જાગ્રત
થયો. ઉઠીને જુવે છે, તો સાંજ પડી ગઈ હતી. તેથી
વરાથી હાથ, પગ અને મોઢું સાફ કરીને કચેરીમાં
ગયા. હવે સાંજે ફરવા જવાને માટે ત્યાં પ્રધાને ગા-
ડી તૈયાર રખાવી હતી. તેમાં બેસારીને ગામમાં ચ-
ક્કર મારવા લઇ ગયો. આખા ગામમાં સારી રીતે
ગલીએ ગલીએ ફર્યા, અને ફરીને કચેરી પાસે આ-
વ્યા, એટલે તો દિવસ અસ્ત થઈ ગયો હતો. માટે

મળવાનું નક્કી થયું, ત્યારે તે તો સવારમાં વહેલો પાંચ વાગે ઉઠી સ્નાન પૂજન કરીને ૭ વાગતાં કચેરીમાં હાજર થયો, અને તરતજ પ્રધાનને તથા અન્ય રાજ્યાધિકારીઓને બોલાવીને કહ્યું કે, ખજાનચીને બોલાવો. ત્યારે પ્રધાને કહ્યું કે, પણ સાહેબ પ્રથમ રાજ્યાભિષેક તો કરાવો, અને પછી રાજ્ય ખટપટમાં ઉતરજો. વાણીઆએ હાવકું મોં રાખીને જવાબ દીધ કે, ભાઇ! એક દિવસના રાજ્ય માટે વળી રાજ્યાભિષે હોય? માટે વહેલો થા ને ઝટ કર. પ્રધાને હુકમ પ્રમા ણે ખજાનચીને બોલાવ્યો. ખજાનચી આવતાંની દ મ્યાન બીજું જે કાંઈ જોવાનું હતું તે જોઇ લીધું અને ગામમાં ઢંઢેરો પીટાવી જાહેર કર્યું કે, ઉદારચ વાણીઓ ગાદીએ બેઠો છે, માટે જેને માથે કાંઇ કરજ હો અથવા જેને કાંઈપણ તરેહનું દુઃખ હોય, કે કોઇપ તરેહનો કજીઓ યા તોફાન હોય, તે સૌએ દશ વાગ પહેલાં કચેરીમાં આવવું.

ખજાનચી આવ્યો ત્યારે તેને ભંડારમાંનો ક

મળવાનું નક્કી થયું, ત્યારે તે તો સવારમાં વહેલો પાંચ વાગે ઉઠી સ્નાન પૂજન કરીને ૭ વાગતાં કચેરીમાં હાજર થયો, અને તરતજ પ્રધાનને તથા અન્ય રાજ્યાધિકારીઓને બોલાવીને કહ્યું કે, ખજાનચીને બોલાવો. ત્યારે પ્રધાને કહ્યું કે, પણ સાહેબ પ્રથમ રાજ્યાભિષેક તો કરાવો, અને પછી રાજ્ય ખટપટમાં ઉતરજો. વાણીઆએ ઠાવકું મોં રાખીને જવાબ દીધો કે, ભાઇ! એક દિવસના રાજ્ય માટે વળી રાજ્યાભિષેક હોય? માટે વહેલો થા ને ઝટ કર. પ્રધાને હુકમ પ્રમાણે ખજાનચીને બોલાવ્યો. ખજાનચી આવતાંની દરમ્યાન બીજું જે કાંઈ જોવાનું હતું તે જોઇ લીધું, અને ગામમાં ઢંઢેરો પીટાવી જાહેર કર્યું કે, ઉદારશા વાણીઓ ગાદીએ બેઠો છે, માટે જેને માથે કાંઇ કરજ હોય અથવા જેને કાંઈપણ તરેહનું દુઃખ હોય, કે કાંઇપણ તરેહનો કજીઓ યા તોફાન હોય, તે લોકોએ દશ વાગ્યા પહેલાં કચેરીમાં આવવું.

ખજાનચી આવ્યો ત્યારે તેને ભંડારમાંના દ્રવ્ય

નતું જોયું, ત્યારે પ્રધાનને બોલાવીને પૂછયું કે, આ વાણીઆ પછવાડે હજારો માણસો જાય છે. અને પેલા બે પછવાડે તો કુતરો પણ જતો નહોતો, તેનું કારણ શું? ત્યારે પ્રધાને જણાવ્યું કે આ ઉદારશાહ યથા નામા તથા ગુણા એટલે નામ જેવા ગુણવાળો છે. તેણે પોતાના નામ પ્રમાણે ઉદારતા વાપરીને લોકોનાં દારિદ્ર દૂર કર્યાં છે. માટે તેનો ઉપકાર લોકો કોઈ કાળે પણ ભૂલશે નહિ. તેણે આખા દિવસમાં એક મિનિટ પણ વૃથા ગુમાવી નથી. પણ તેથી ઉલટું એક મિનીટમાં હજારો જણનાં દુઃખ દૂર કર્યાં છે.

પ્રિય વાંચનાર! આ વાર્તા ઉપરથી સાર એટલો લેવાનો છે કે, શરીર, મન અને વચનરૂપી અમૂલ્ય ખજાનો છે, અને તેને જે સમજીને ઉદારતાથી વાપરશે, તે પોતાનું અને પરનું ભલું કરીને સુખી થશે, એમ દરેક સુજ્ઞ પુરૂષે નક્કી સમજી રાખવું જોઇએ, અને તે પ્રમાણે વર્તવું જોઇએ. જ્યાં સુધી આપણે વખતની કીંમત બરોબર કરી શક્યા નથી, ત્યાં સુ-

ધતા નથી. કારણ કે સુતેલા સિંહના મોઢામાં
ો પોતાની મેળે આવીને પ્રવેશ કરતા નથી.

આપણામાંના ઘણા એવા હશે કે, જે હમેશાં નોરથોજ કર્યા કરે છે, અને અહોનિશ એક વિચા- પક્તો મૂકીને બીજો વિચાર, અને બીજાને પડતો કીને ત્રીજો, એમ વૃથા શેખચલ્લીના વિચાર કર્યા રે છે. પણ એમ કરવાથી વાસ્તવિક શું ફળ થવું , થાય છે, અને થશે, તેનો વિચાર ભાગ્યેજ કરતા શે. જો તેઓ એકજ વિચારને નિરંતર સેવતા હોય ા જુદી વાત છે. પણ તેમ ન કરતાં તેઓ રચ્યો ુણી વિકલ્પ જાળમાં પડ્યા રહે છે, પણ એમને એ- ર ક્યાં સુધી ટકશે તે તમે જાણો છો? જ્યાં સુધી ોગના ફળનો સ્વાદ એમના અનુભવમાં નથી આ- વ્યો, ત્યાં સુધી તેઓ તે પ્રમાણે કર્યા કરશે, પણ ત્યારે તેઓ એનો સ્વાદ લેશે, ત્યારે કોઈક મનોરથો ાડી પણ કરશે નહિ. પણ અહોનિશ કામ, કામ અને કામજ કર્યા કરવાના, એમાં જરાપણ સંશય નથી.

દ થતા નથી. કારણ કે સુનેલા સિંહના મોઢામાં મૃગો પોતાની મેળે આવીને પ્રવેશ કરતા નથી.

આપણામાંના ઘણા એવા હશે કે, જે હમેશાં મનોરથોજ કર્યા કરે છે, અને અહોનિશ એક વિચાર પકડતો મૂકીને બીજો વિચાર, અને બીજાને પકડતો મૂકીને ત્રીજો, એમ વૃથા શેખચલ્લીના વિચાર કર્યા કરે છે. પણ એમ કરવાથી વાસ્તવિક શું ફળ થયું છે, થાય છે, અને થશે, તેનો વિચાર ભાગ્યેજ કરતા હશે. જો તેઓ એકજ વિચારને નિરંતર સેવતા હોય તો જુદી વાત છે. પણ તેમ ન કરતાં તેઓ રેંઓ ગુણી વિકલ્પ જાળમાં પડયા રહે છે. પણ એમને એમ ક્યાં સુધી ટકશે તે તમે જાણો છો? જ્યાં સુધી ઉદ્યોગના ફળનો સ્વાદ એમના અનુભવમાં નથી આવ્યો, ત્યાં સુધી તેઓ તે પ્રમાણે કર્યા કરશે, પણ જ્યારે તેઓ એનો સ્વાદ લેશે, ત્યારે ફોકટ મનોરથો કદી પણ કરશે નહિ. પણ અહોનિશ કામ, કામ અને કામજ ક્યા કરવાના, એમાં જરાપણ સંશય નથી.

માનનાર, દરેક વસ્તુનો ઉપયોગ જાણ્યા વિના તે મોંઢામાં મુકનાર, અને આખો દિવસ વિવિધ પ્રકારના ખેલ કરનાર બાળક હતાં. વળી એક વખતે આપણે વિષય રસમાં લીન થનાર, નાટકોમાં કલાકો ગુમાવનાર, વેશ્યાઓના નાચ રંગ અને ગાયનમાંજ ઉત્તમતા માનનાર, ધર્મમાંજ સર્વસ્વ માની તેને માટે અહોનિશ પ્રયત્ન કરનાર યુવાનો હતા, અને તે અવસ્થાઓને આપણે વિજળીના ચમકારાની પેઠે અને આગગાડીના ડબ્બાઓની પેઠે જતી જોઇ. પણ તે પાછી આવી નહિં, દીઠી નહિં, સાંભળી નહિં, સ્પર્શી નહિં અને અનુભવી પણ નહિં. ત્યારે હે સુખના ઇચ્છનાર માનવી ! તું શા માટે અસ્થિર પદાર્થો માટે પોતાનું અમુલ્ય આયુ ખુવે છે? અરે! આનો તું વિચાર કર, અને આયુનો સદુપયોગમાંજ વ્યય કર. કહ્યું છે કેઃ—

વાતો બહુ ધ્યાન દઇને વાંચીએ છીએ, અને તે બીજાઓ પાસે કહીએ છીએ. પણ જે ક્ષણો ઉદ્યોગ વિના જાય છે, અને તેમાં જે લાખો રૂપિઆની નુકશાની થાય છે, તે વાત આપણે લક્ષમાં લેતા નથી; આ વાત ખચીત બહુ આશ્ચર્યકારક છે. दुर्लभो मानुषो देहो એમ મુખથી બકયા કરીએ છીએ, પણ તે દુર્લભ કેમ છે? તેનો ક્ષણવાર પણ વિચાર કરતા નથી; તે ખરેખર અત્યંત શોચનીય છે. કેળવણીના પ્રકારો વાંચીએ, તેના ફાયદા સાંભળીને ચકીત થઇએ, તેની બહુજ જરૂર છે એમ મુખથી બોલીએ અને કેળવણી પામવા અન્યને ઉપદેશ કરીએ, પણ ખરી કેળવણી શું છે? શામાં છે? તે જાણવા પોતે મથતા નથી, તેનું કારણ એજ છે કે, આપણે પોતે તેનો આસ્વાદ લીધો નથી. પણ "પઢા પોપટજી" ની પેઠે બહુ વાદ કરીએ છીએ, પણ જો આપણને એના ખરા સ્વરૂપની ખબર હોત તો, અને તેની ખરી અમૂલ્યતા આપણને જણાય હોત તો, આપણે એક ક્ષણ પણ વૃથા ગુમા

ચોરા ચુના માટે ચિન્તામણિને અગ્નિમાં નાંખ્યો હોય, એક લોખંડના ખીલા માટે વહાણને તોડ્યું હોય; ગધેડી લેવા માટે કામધેનુ આપવી હોય, ભુંડના ગળામાં મણિ નાંખ્યો હોય, કાગ ઉડાડવા માટે રત્ન ફેંક્યું હોય, તથા સુવર્ણ થાળમાં કચરો ભર્યો હોય તો, આ તમારા મનુષ્ય દેહમાં આળસનો વાસ થવા દેજો. કારણ કે મારવાડ દેશમાં કલ્પ વૃક્ષ પીવાથી મળતું નથી. મહા ભયંકર અટવીમાં સુંદર નગર જોવાથી મળતું નથી. તે પ્રમાણે આળસમાંથી સુખ મેળવવા ઇચ્છનારને તે કદી પણ મળતું નથી.

ચંદ્ર જેમ પૃથ્વીને શાન્તિ આપે છે, તેમ સદ્યોગ દુઃખી મનુષ્યને શાંન્તિ આપે છે, સૂર્ય જેમ પ્રકાશથી અંધકારને દૂર કરે છે, તેમ સત્પુરૂષાર્થ આળસરૂપી અંધકારને અળગો કરે છે. મેઘ જેમ પવિત્ર અને સ્વચ્છ પાણીની વૃષ્ટિ કરે છે, તેમ સદ્-

નથી થતા, તેટલા તેઓ ઉદ્યોગ રસમાં મગ્ન થવાથી થાય છે. લક્ષ્મીના વિવિધ પ્રકારના સંયોગથી જેટલા તેઓ ખુશી નથી થતા, તેટલા સદુદ્યોગરૂપી આંતરિક સિદ્ધિથી પ્રસન્ન થાય છે. અને વહાલાંઓના મેળાપથી જેટલા તેઓ ખુશી નથી થતા, તેટલા ઉદ્યોગરૂપી ચિન્તામણિ પ્રાપ્ત થયે થાય છે.

ઉદ્યોગી પુરૂષો જ્યારે ઉદ્યોગના આનંદના ઘેનમાં હોય છે, ત્યારે તેઓ ધીરજને ગણકારતા નથી, ધ્યાનની દરકાર રાખતા નથી, શૂરવીરતા શોધવા બહાર ભટકતા નથી, મતિ વિકસિત કરવા પુસ્તકોના સમૂહ અવલોકતા નથી, અને વંશ વૃદ્ધિની વાંચ્છા રાખતા નથી, પણ સર્વ કાર્યના સાધક એવા ઉદ્યોગની પાછળ તન, મન અને ધનથી મંડ્યા રહે છે, અને તેનેજ સેવે છે, તેનેજ ઉપાસે છે અને તેનાથીજ પ્રસન્ન રહે છે.

ની કોણ હિમ્મત કરે તેમ છે? શું વાઘ, વરૂ કે સિંહ તારી બરોબરી કરશે? શું બળદ, ગાય કે ઘોડા તારે તોલે આવશે? શું ખર, ઘેટા, કે ઉંટ તારૂં અનુકરણ કરી શકશે? શું કપિ, શ્વાન કે ગજ તારી સમર્થ શક્તિની સ્પર્ધા કરવા તત્પર થશે? નહિ, નહિ એમ કદી બનવાનુંજ નથી. અરે તું તો આ બધાને વશ કરનાર, કાબુમાં રાખનાર નરવર છે. તું દેવતાઓને પેદા કરે, મુનિઓને નમાવે, અને સુર અસુરને તાબે કરે [illegible] કેન્દ્ર છે. તારી શક્તિ, તારૂં જ્ઞાન, [illegible] તારૂં બળ તે અજબ છે. તારો દર્શન [illegible] ડગમગ ડગમગ પોતાને સ્થાનેથી [illegible]ની સેવા માટે ઇન્દ્રો પોતાને આસન- [illegible]ી પ્રાર્થના માટે તેઓ તત્પર [illegible]રૂ શું છે? તું સાક્ષાત્ રૂપા- [illegible]યા, કરતાં પણ ઉચ્ચ પદ.

ની કોણ હિંમ્મત કરે તેમ છે? શું વાઘ, વરૂ કે સિંહ
તારી બરોબરી કરશે? શું બળદ, ગાય કે ઘોડા
તારે તોલ આવશે? શું ખર, ઘેટા, કે ઉંટ તારૂં
અનુકરણ કરી શકશે? શું કપિ, શ્વાન કે ગજ તારી
સાથે શક્તિની સ્પર્ધા કરવા તત્પર થશે? નહિ, નહિ
કદી બનવાનુંજ નથી. અરે, તું તો આ બધાને
કરનાર, કાબુમાં રાખનાર નરવર છે. તું દેવતા-
[illegible] ને, ઇન્દ્રિઓને નમાવે, અને સુર અસુરને
દેવેંદ્ર છે. તારી શક્તિ, તારૂં જ્ઞાન,
અને તારૂં બળ તે ઓજસ છે. તારા દર્શન
માત્ર ડગમગ ડગમગ પોતાને સ્થાનેથી
તારી સેવા માટે ઇન્દ્રો પોતાને બાંધે-
છે, અને તારી પ્રાર્થના માટે તેઓ તત્પર
છે. પણ તે બધાનું કારણ શું છે? તું સત્પુરૂષ-
ની આરાધના કરી તે બધા કરતાં પણ ઉંચું પ્રક-
ાશ કરવાને સમર્થ છે. આ કારણને લીધેજ તે ઉચ્ચ-

હે વાચક! જો તારા કુળની નિર્મળ પ્રશસ્તિ તારે ચંદ્રમંડળમાં દાખલ કરવી હોય, તારા કીર્તિ સમૂહને વાયુનો સોબતી કરીને સર્વત્ર ફેલાવવો હોય, તારૂં નિર્મળ નામ સૂર્યના બિંબમાં લખવું હોય, તારા યશને દેવાંગનાઓના મુખ દ્વારા દિવ્ય ભોજનની પેઠે પ્રીતિ પૂર્વક પાન કરાવવું હોય, તથા તારા નામનું યોગીશ્વરો દ્વારા સિદ્ધની પેઠે ધ્યાન કરાવવું હોય; તો ઇચ્છિત અર્થને દેનાર કામ કુંભ સમાન સત્પુરૂષાર્થ કર.

શાસ્ત્રોમાં મંત્રનાં વર્ણનો અને તેમનાં ફળો જે જે બતાવ્યાં છે, તે મંત્રો અન્ય કાંઇ નથી, પણ સત્પુરૂષાર્થજ છે, એમ નક્કી માનવું. કારણ કે, સત્પુરૂષાર્થ વિના કર્મસિદ્ધિ સંભવતીજ નથી, અને કાર્યસિદ્ધિ એ મંત્રનું ફળ છે, માટે શીરોમણિ મંત્ર ઉદ્યોગ છે. તેને સેવનાર વિઘ્નોથી બીતા નથી, પણ તેમની સમક્ષ તિક્ષ્ણ ઉદ્યોગરૂપી ખડ્ગ લઇને ઉભા

અરે ! એટલે બધે ઉંચે શી રીતે જવાશે ? આવા આવા તર્કો કરી તેઓ નિરાશ થઇ જાય છે. પણ જ્યારે બીજાઓને ચડતાં જુવે છે, ત્યારે તેમની દેખાદેખીએ ચડવા માંડે છે, અને "કાંકરે કાંકરે પાળ બંધાય, અને ટીપે ટીપે સરોવર ભરાય" એ કહેવત અનુસાર પગલે પગલે ડુંગર ચડી જાય છે, અને આખરે થોડાજ વખતમાં ડુંગરને શિખરે પહોંચે છે. અને પાછળ ફરીને જુએ છે તો દેખાય છે કે, હું હું ઉંચો આવ્યો છું. તેવીજ રીતે ઘણાં માણસો પણ કાર્યનો આરંભ કરે છે કે તરતજ, વિચારે કે એ ક્યારે થશે ! આ તો બહુજ મોટું કામ છે. મારામાં તે કરવા જેટલી શક્તિ ક્યાં છે ? વિગેરે વિચારો કરી એ કાર્ય પડતું મુકે છે, અને આખર ડુંગરના શિખરની પેઠે કાર્યના શિખરપર ચડવાને અસમર્થ થાય છે. કહેવાનું તાત્પર્ય એજ છે કે, જો કરવા માંડીએ તો થઈ જાય, પણ ફક્ત મનોર્થો કર્યા

મે તમને નિરાશ ન કરતાં ફક્ત અપ
મના મેળાપથી, તેમના સમાગમથી (
રાનું છે, અને બીજાનું નહીં. જે
દુઃખોની સામા પ્રયત્ન કરીને લડયા છે,
આજ દિવસ સુધી ધર્મશાસ્ત્રોમાં અને [illegible]
સંભળાય છે, ગવાય છે અને પુજાય છે.

રસોઇને માટે જેમ અગ્નિ અને બાળતણની જરૂર છે; ઘર માટે જેમ નિર્મળ માટીના પિંડની જરૂર છે, અને પટ માટે જેમ સુતરના બારીક તંતુઓના સમૂહની જરૂર છે, તેમ સંપત્તિ માટે ઉદ્યોગની જરૂર છે. ઉદ્યોગ વિના સંપત્તિ પ્રાપ્ત થતી નથી; એમ સર્વ કાળના અને સર્વ ક્ષેત્રના વિદ્વાનોએ પોતાની અમૃતમય વાણીથી કહ્યું છે, લખ્યું છે અને ગાયું છે. નદીનાં પ્રવાહો જેમ સમુદ્રની શોધમાં ફરે છે, કમળાક્ષી યુવતીયો જેમ યુવકોની શોધમાં ફરે છે, વિદ્યાઓ જેમ વિનયવંતને ખોળે છે, કીરણો જેમ

છુ કે, જે જે વિઘ્નોવડે ફરી ફરીને હુમાયો છતાં કાર્યસિદ્ધિ કરી શકે છે, તે બીજી વખત વિઘ્નો વનાં તેમની સંન્મુખ નિડર થઇ ઉભો રહે છે, એ જ નહિ પણ ઉત્સાહથી તે વિઘ્નોનો નાશ કરી, રેલા કાર્ય પાર પાડે છે.

જે મનુષ્યને શ્રેષ્ઠ ગુણ પ્રાપ્ત કરવાની ઇચ્છા ય, તેણે તો નિશ્ચય કરવો કે, "સંકટની સામે ાથ ભીડવી એજ તેને જીતવાનો ઉપાય છે." "હું મુક કાર્યસિદ્ધિ કરીશજ" આવા નિશ્ચયમાંજ અ- લૌકિક અંશની પ્રતિતિ થાય છે, અને તેજ અધ્યાત્મ વિદ્યાનું ખરૂં રહસ્ય છે. એના વાસ્તવિક સ્વરૂપને યોગવેત્તાઓજ જાણે છે, અને તેજ પુરૂષાર્થનો મૂળ મર્મ છે.

પવિત્ર, મનોહર, ઠંડા પાણીની શીતળ લહેરોથી, જેમ સરોવર મનુષ્યોનાં મન હરણ કરે છે, ચિત્તાકર્ષક પવિત્ર સુંદર, સુગંધી કમળ જેમ મનુષ્યોના ચિત્તને

હોય, ભયંકર વનમાં સિંહ, વાઘ અને વરૂના ભયંકર નાદોની વચ્ચે ધ્યાન ધરીને રહ્યા છતાં તત્વ પ્રાપ્તિ થઇ નહોય, અનેક દેવોની મુર્તીઓને વિવિધ જાતિના પદાર્થો-વડે પૂજ્યા છતાં કંઇ પણ ફેરફાર થયો ન હોય, તો હવે આત્મ સન્મુખ થવાનો પુરૂષાર્થ સ્થિર ચિત્તે અત્યંત પ્રીતિ ભક્તિ પુર્વક જંગલમાં કે અન્ય ક્યાંહીં ગયા વિના જ્યાં તમે રહેતા હો ત્યાંજ એકાંત સ્થાનમાં કરો.

અહાહા પુરૂષાર્થ ! તારા માટે કવિ વરો પોતાના :ય પુસ્તક રત્નોમાં વિવિધ પ્રકારે જે લખી ગયા ! સર્વેનો અત્રે સમાવેશ કરીએ તો, વિસ્તાર વધી માટે એકાદ ઉદાહરણ આપીએ છીએ.

उद्योगिनं सिंह मुपैति लक्ष्मि
दैवनदेयमिति का पुरुषा वदन्ति
दैवं निहत्य कुरु पौरुषमात्मशक्त्या
यत्ने कृते यदि न सिध्यति कोऽत्र दोषः

હોય, તેટલો પુરૂષાર્થ કરશે. આ પ્રમાણે કરશો તો નસીબ એની મેળે સારૂં થઈ જશે, અને સારૂં ફળ આપશે.

"અહોહો! પુરૂષાર્થ, તારી બલિહારી છે. અરે! તારા સમાન સુખ આપનાર આ જગતમાં શું છે? અર્થાત્ કોઈજ નથી. આર્ય દેશની પૂર્વે જે ઉન્નતિ થઇ હતી તે કોનાથી? તારાથીજ. અને હુમણાં જે અધોદશા થઇ છે તે કોનાથી? તારા વિયોગથીજ. અરેરે! જ્યાં સૂર્ય નથી, ત્યાં અંધકાર અવશ્ય દેખાય છેજ. હે પુરૂષાર્થ! તું જ્યાં નથી ત્યાં દુઃખ, દારિદ્રતા, આદિ અનેક સંકટો આવીજ પડે છે. જેમ સૂર્યના વિયોગથી નિર્મળ કમળનું તેજ નાશ પામે છે, તેમજ તારા વિયોગથી આ આર્ય દેશરૂપી કમળ સુકાઇ ગયું છે, જેમ પતિના વિયોગથી પતિવ્રતા સ્ત્રીનાં ગાત્ર શિથિળ થઈ જાય છે, તેમ તારા વિયોગથી આ આર્ય ભૂમીરૂપ સ્ત્રીનાં ગાત્ર શિથિળ થઇ

પણ હૃદય પટ ઉપર કોતરી રાખવું જોઇએ.

હે પુરૂષાર્થ! તારા પ્રતાપથીજ નેપોલીયન ત્રણ વખત યુરોપને ધ્રુજાવી શક્યો હતો, અને તારાથીજ પરમાત્મા મહાવીર પ્રભુ અનેક દુઃસહ્ય પરિસહોને સહન કરી શક્યા હતા, તથા કર્મરૂપી મહા યોદ્ધાઓને બાળીને ભસ્મ કરી શક્યા હતા. તારા પ્રતાપથીજ હેમચંદ્રાચાર્ય કળી કાળમાં સર્વજ્ઞનું પદ પ્રાપ્ત કરી શક્યા હતા, અને ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, જ્યોતિષ, વૈદક, આદિ અનેક શાસ્ત્રોનાં હજારો પુસ્તકો લખી શક્યા હતા. તારાથીજ મહાત્મા યશોવિજયજી કાશીમાં પંડિતોની સભાને અનેક વાર પરાજય કરી શક્યા હતા, અને તત્વજ્ઞાનના અનેક ગ્રંથો રચવા સમર્થ થઇ શક્યા હતા. અહો પુરૂષાર્થ! તારી કૃપા એજ સર્વે કાર્યોને શક્ય બનાવવાનું બીજ છે. તારી કૃપાથી જે કામ ન થયું, તે અન્ય કોઇ ઉપાય વડે કદી થવાનું ની, એ સત્ય છે. પૃથ્વીમાં બીજા ઘણા ગુણોવાળાં

શાન્ત બેશી રહ્યો છે, મારે તારી આર્ય દેશ ઉપર હાલ કૃપાજ ક્યાં છે? અરે! શું મેઘ કદી એમ વિચારે છે કે, અમુક સ્થાન ખરાબ છે, માટે મારે ત્યાં ન વર્ષવું? સૂર્ય શું શુદ્રને ઘરે પ્રકાશ નથી કરતો? અરે પુરૂષાર્થ! તું હાલ શુન્ય ચિત્તવાળો શા માટે જણાય છે? હા હા, યાદ આવ્યું. તેમાં તારો વાંક નથી. તું તો સદા પ્રકાશિતજ છે; તું તો કરૂણાથી હમેશાં વરસ્યાજ કરે છે; પણ અમોજ નિરભાગી છીએ, ભક્તિ વગરના પણ અમોજ છીએ, સૂર્યને જોઇને જેમ ઘુવડ દ્વેષ કરે છે, તેમ અમો તને જોઇને દુર ભાગીએ છીએ, જેમ કોઇ મુર્ખ સૂર્યના પ્રકાશ પોતાના ઘરમાં પ્રવેશ ન કરે, માટે દ્વાર બંધ કરે છે, તેમ અમો પણ તું અમારામાં પ્રવેશ ન કરે, માટે દુર ભાગીએ છીએ; પણ તેમ છતાં તું તો સર્વદા હીત કરવાજ તત્પેર છો. અરે! તારા ગુણોની પીછાન નહિ કરવાની અમોનેજ દુર્બુદ્ધિ થઇ છે.

અમોને કદી અને કહીં પણ સુખ મળનાર નથી, એ સત્ય છે.

પ્રિય વાંચનાર! પુરૂષાર્થને આપણી ભેટ લેવા બહુ કહ્યું, પણ તે પોતાની મેળે આવે તેમ નથી. કારણ કે, મોટા પુરૂષોને જેમ આપણે સત્કારપૂર્વક તેડી આવીએ છીએ, તેમ એને પણ આપણે પ્રેમ પૂર્વક લઇ આવવાને જવું જોઇએ. એમ કરશું તો તે અવશ્ય આવશે, અને આપણને, આપણા કુટુંબને, આપણી જ્ઞાતિને, આપણા ધર્મ બંધુઓને, અને આપણા દેશને અવશ્ય સુખ આપશે. માટે ઉઠો, તેને તેડી લાવવાને સત્વર ચાલો.

શું તમોને અમારૂં કહેવું યોગ્ય લાગતું નથી? તમો વિચારમાં શાસારૂ પડો છો? અરે બંધુઓ! હું તમોને સત્ય કહું છું કે ચાલો. તમે પૂછશો કે ક્યાં? તો હું કહીશ કે આપણા હૃદયમાં. કારણ કે તે ત્યાંજ છે. માત્ર આપણને તેના ઉપર આસ્તા નહિ હોવાથી

જુએ છે? અહા! પ્રાણીઓમાં પણ જ્યારે આટલો પ્રેમ છે, ત્યારે શું આપણામાં ન હોય? અવશ્ય હોયજ. માટે આપણે પણ પુરૂષાર્થની ભક્તિ કરવી જોઇએ, અને તેનેજ આપણું સર્વસ્વ માનવું જોઇએ. અરે! આ કુમુદીનીયો તો જુઓ, તેઓ ચંદ્રને જોઇને કેવી વિકસીત દેખાય છે, અને પોતાના સર્વ અવયવો ખુલ્લા કરી જગતને પોતાનો આનંદ કેવો દર્શાવે છે? આ પ્રમાણે આપણે પણ પુરૂષાર્થ પ્રતિ આપણો આનંદ દર્શાવી શકીએ.

અહો! આ ચાતકો તો જુઓ, તેઓ મેઘને જોઇને કેવાં મધુર ધ્વનિએ પોતાનો હર્ષ પ્રદર્શિત કરે છે. શું તેઓ આ જગતને પ્રેમ કરતાં શીખવે છે? કે શું આ પોતાનો આનંદ ન સમાવાથી તે બહાર કાઢવાનો ઉપાય કરે છે? કે પ્રેમની પરાકાષ્ઠાને બતાવે છે? અરે બંધુઓ! આપણે પણ આ ભક્તિવંત ચાતકો પાસેથી પ્રેમ કરતાં શીખવો જોઇએ.

સમુદ્ર પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી, તેમ અમો પણ અમારા સ્વભાવને તજવાના નથી. બસ, એજ અમારો નિશ્ચય છે. આવા પ્રકારનો નિર્ણય આપણે સૌએ કરવો જોઇએ.

બંધુઓ! આપણા આ નિર્ણયથી આપણે અવશ્ય સુખી થઇશું, અને પુરૂષાર્થ પણ આપણા ઉપર અવશ્ય તુષ્યમાન થશે એમ ખાત્રી પૂર્વક માનશો. તમે કહેશો કે, આપણે આળસને ક્યાં માન આપીએંછીએ? તો હું કહીશ કે બંધુઓ! આપણે અવશ્ય આળસ્ય શત્રુનેજ માન આપીએ છીએ. કારણ કે આપણે હમેશ વિચારીએ છીએ કે, ઉદ્યોગ ન કરવો પડે તો સારું, મહેનત ન કરવી પડે તો સારૂં. આવા આવા જે વિચારો આપણે કરીએ છીએ, તે આળસને માન નથી આપતા તો બીજું શું?

જેમ આળસદાસ પોતાને ઉદ્યોગી માનતો હતો, પણ ખરી રીતે જોતાં તો તે આળસુ હતો, તેમ આપણે પણ આપણને ઉદ્યોગી માનીએ છીએ.

મલકાયો, અને ગયેલ ચેતના પાછી આવી, તથા વિચારવા લાગ્યો કે, પુર્વે પુન્ય કર્યા છે, તેથી આવા સંજોગો સ્વતઃ બની આવે છે. અહો! કર્મની ગતિ વિચિત્ર છે. કહ્યું છે કે, "કર્મ કરે તે કોઇ ન કરે" આ વાત સત્ય છે. આવા આવા વિકલ્પો કરે છે, એટલામાં ઉંટવાળો છેક પાસે આવી પહુંચ્યો. તેને જોઇને આળસદાસ કહેવા લાગ્યો કે, ભાઇ! ઉંટ ઉ-
તર. ઉંટવાળે પુછ્યું કે, શા માટે!
। કે, મારી છાતી ઉપર રાયણનું ફળ
. મારા મુખમાં નાંખ. આ સાંભળી
તું આવ્યું, અને વિચાર્યું કે, અહો!
આવા પણ મનુષ્યો છે કે, જેઓ પો-
હેલી વસ્તુનો ઉપયોગ પણ કરી જા-
ાહા! જે દેશમાં આવા પુરૂષો ઉત્પન્ન
ાગર વસતા હશે, તે દેશની પાયમાલી
ાવાઇ શી છે! ખરેખર, આ મનુષ્ય
સ્થાવર તેના જેવી દશા ભોગવે છે. કોઃ

વાત છે. શું આવાં મનુષ્યો જગતમાં થતાં હશે? આ તો કોઇએ ટાઢા પહોરના ગપાટા હાંક્યા છે. બંધુઓ! આવો વિચાર કરશો નહિ. કારણ કે આપણે એના કરતાં પણ વિશેષ આળસુ છીએ. એની તો છાતી ઉપર રાયણનું ફળ હતું, પણ આપણા તો મુખમાં છે, છતાં તે ચાવીને ખાવાની મહેનત આપણે કરતા નથી. અરેરે! ઉંટવાળો તો માત્ર ઉપદેશક હતો, પણ આપણા પરમ પૂજ્ય પરમાત્માએ તો આપણા મુખમાં ફળો નાંખી ગયા છે, માટે હવે તે ચાવવાનું કામજ આપણે કરવાનું છે. પરંતુ એટલું ચાવવાનું કામ પણ આપણે કરી શકતા નથી, એ આશ્ચર્યની વાત છે. આપણને પરમ કૃપાળુ પરમાત્મા એમ નથી કહેતા કે, આત્મિક સુખ મેરૂના શિખર ઉપર છે, કે ગંગા નદીને પેલે પાર છે, કે અમુક દ્વિપ યા ખંડમાં છે; પણ તેઓ તો કહે છે કે, હે ભવ્ય જીવો! તે સુખ તમારામાંજ છે. ને તમારાથી જરાપણ દુર નથી.

તુરી, મૃગની નાભીમાંજ છે, છતાં તે ભ્રાંતિ-

મુકશે, કારણ કે વસ્તુ પોતાના સ્વભાવને કદી મુકતી નથી, એ ચોકસ સિદ્ધાંત છે. તેજ પ્રમાણે આપણો આત્મા પણ કદી વીર્વત્વ ગુણનો ત્યાગ કરતો નથી. એ ગુણ તો એનું આત્માપણું બતાવે છે, તો એ ગુણ એનાથી કેમ તજાય? જેમ પાણીને ઉપાધીવશે ઉષ્ણ થવું પડે છે, અને તે વખતે તેનો શીતત્વનો ગુણ જણાતો નથી, પણ જ્યારે અગ્નિ ઉપર તે પાણી નાંખવામાં આવે છે, ત્યારે તેના શીતત્વની તરતજ ખાતરી થાય છે. કારણ કે, નાંખતાવારજ તે અગ્નિને શાંત કરે છે. તેનો સ્વભાવ જે શીતત્વ તે તેનામાંથી કદી ચાલ્યો જતો નથી, તેમજ આપણો આત્મા પણ પુદ્‌ગળની ઉપાધીથી રજ, તમ અને સત્વાદિ ગુણોવાળો જણાય છે, અને તે તે ગુણોમય અનુભવાય છે. પણ વસ્તુતાએ તે તેવો નથી, અને થવાનો પણ નથી.

પ વાંચનાર! વીર્વત્વ એ જ્યારે આત્માનો ત્યારે વિચારવું જોઇએ કે, જેમ જ્યાં ઉષ્ણ-ર, ત્યાં અગ્નિની પતિતી થાય છે, તેમજ જ્યાં

ય, ત્યાંજ આત્મા જાણ્યો. અન્યથા જ

અહા! વીતરાગની વાણીની શી ખુબી છે
જેણે પોતાને જાણ્યો છે, તેણે સર્વને જાણ્યા છે, અ
જેણે સર્વને જાણ્યા છે, તેણે પોતાને જાણ્યો છે, શાસ્ત્ર
પણ કહ્યું છે કેઃ—

जे एगं जाणेइ, से सव्वं जाणेइ,
जे सव्वं जाणेइ, से एगं जाणेइ.

અર્થ—જે એકને જાણે છે, તે સર્વને જાણે છે
અને જે સર્વને જાણે છે, તે એકને જાણે છે,

ખરેખર જેણે પોતાનું આત્મ સ્વરૂપ યથાર્થપણે
જાણ્યું છે, તેણે સર્વ દ્રવ્યનું સ્વરૂપ જાણ્યું છે, અને
જેણે સર્વ દ્રવ્યનું સ્વરૂપ જાણ્યું છે, તેણે પોતાના
આત્માનું સ્વરૂપ જાણ્યું છે. કારણ કે જ્યાં સુધી મ-
નુષ્યે આત્માનું સ્વરૂપ જાણ્યું નથી,
સર્વ દ્રવ્યનું સ્વરૂપ જાણીજ શકતો ન

ધી તેણે સર્વ દ્રવ્યનું સ્વરૂપ જાણ્યું નથી, ત્યાં સુધી
આત્માનું સ્વરૂપ પણ જાણી શકતો નથી.
હ્યું છે કે:—

एको भावः सर्वथा येन दृष्टः
सर्वे भावाः सर्वथा तेन दृष्टाः
सर्वे भावाः सर्वथा येन दृष्टाः
एको भावः सर्वथा तेन दृष्टः

અર્થ—એક પદાર્થ સર્વ પ્રકારે જેણે જોયો છે, તેણે સર્વે પદાર્થો સર્વ પ્રકારે જોયા છે, અને સર્વ પદાર્થો જેણે સર્વે પ્રકારે જોયા છે, તેણે એક પદાર્થ સર્વ પ્રકારે જોયો છે.

આમ હોવાથી આત્મ સ્વરૂપને જેણે જાણ્યું છે, તેણે પોતાના વીર્યત્વાદિ ગુણો જોયા છે. અને જેણે વીર્યત્વાદિ ગુણો જોયા છે, તેણે પોતાનું આત્મ સ્વરૂપ જોયું છે. આ વાત યુક્તિ પૂર્વક સિદ્ધ થાય છે. અને તે એમજ છે.

ા તે જો, એમ મન સદ્દહીયે,
આતમ તત્વ વિચારીએ.

પ્રિય વાચક ! આ વચનામૃતો આપના હૃદય
પર કોતરી રાખશો, અને પુન: પુન: એને સ્મર-
માં રાખશો. કારણ કે આખા સિદ્ધાંતનું રહસ્ય આ
ધામાં મહાત્માએ સમાવ્યું છે, અને સર્વે શાસ
ાર માત્ર કહી દીધો છે. માટે અન્ય વિકલ્પ જત
પરતાં સત્પુરૂષાર્થ કે જેનાથી આત્મ સ્વરૂ
ાપ્તિ થાય છે, અને અનંત દુઃખનું સ્થાન
ાસાર તેનો નાશ થાય છે, તથા પરમાનંદની પ્ર
ાય છે, તેવા સત્પુરૂષાર્થનું એકાગ્ર ચિત્તે સેવન
એજ ખરો પુરૂષાર્થ છે. અન્ય સર્વે પુરૂષાર્થો
માત્ર જાણવા. કારણ કે, જેમ ઝાંઝવાનું જળ
મૃગો ભ્રાંતિથી તે તરફ દોડે છે, પણ આખર
કરી શકતા નથી, તેમ અન્ય પુરૂષાર્થો સર્વે તેના

શાસ્ત્રકારોએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ
ચાર પુરૂષાર્થો કહ્યા છે. તેમાં ધર્મથી બાકીના ત્રણે
પ્રાપ્ત થઇ શકે છે. માટે મુખ્ય ધર્મજ સેવવા લાયક
છે, તેજ જાણવા લાયક છે, અને તેજ અનુવર્તન કરવા
લાયક છે. માટે ધર્મની પ્રાપ્તિ કરીને આત્મ-સ્વરૂપને
જાણવું, એજ બધા પ્રકારના પુરૂષાર્થનું શીરો બિંદુ
. માટે પ્રિય વાચકો ! મારો આ નિબંધ વાંચ્યા
પછી જેત પુરૂષાર્થનો મહીમા અલ્પ જાણી શકયા હો
। સત્પુરૂષાર્થથી આત્મ-સ્વરૂપ જાણવાને ઉદ્યુક્ત
ઓ. આમ કરશો તો અવશ્ય તમે જન્મ મરણના
ફંદમાંથી મુક્ત થઇને મોક્ષ પદને પામશો.

છેદલે મારી પરમ કૃપાળુ પરમાત્મા પાસે એજ
પ્રાર્થના છે કે, આ નિબંધ મારા માનવ બાંધવોના
આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક દુઃખોનો
નાશ કરીને પરમાનંદ સ્વરૂપને આપો.

॥ ... આનંદ !!!

વાત છે. શું આવો મનુષ્યો જગતમાં થતાં હશે? આ
તો કોઇએ દાદા પહોરના ગપાટા હાંક્યા છે. બંધુઓ!
આવો વિચાર કરશો નહિ. કારણ કે આપણે એના
કરતાં પણ વિશેષ આળસુ છીએ. એની તો છાતી
ઉપર રાયણનું ફળ હતું, પણ આપણા તો મુખમાં
છે, છતાં તે ચાવીને ખાવાની મહેનત આપણે કરતા
નથી. અરેરે! ઉંટવાળો તો માત્ર ઉપદેશક હતો, પણ
આપણા પરમ પૂજ્ય પરમાત્માઓ તો આપણા મુ-
ખમાં ફળો નાંખી ગયા છે, માટે હવે તે ચાવવાનું
કામજ આપણે કરવાનુ છે. પરંતુ એટલું ચાવવાનું
કામ પણ આપણે કરી શકતા નથી, એ આશ્ચર્યની
વાત છે. આપણને પરમ કૃપાળુ પરમાત્મા એમ નથી
કહેતા કે, આત્મિક સુખ મેરૂના શિખર ઉપર છે, કે
ગંગા નદીને પેલે પાર છે, કે અમુક દ્વિપ યા ખંડમાં
છે; પણ તેઓ તો કહે છે કે, હે ભવ્ય જીવો! તે
સુખ તમારામાંજ છે. ને તમારાથી જરાપણ દુર નથી.
જેમ કસ્તુરી, મૃગની નાભીમાંજ છે, છતાં તે ભ્રાંતિ-

ગી બહાર ભટકે છે, તેમ તમો પણ ભ્રાંતિથી ભટકો છો.

અહાહા! આવો સરલ માર્ગ બતાવ્યા આપણે દુર જઈએ છીએ, અને બીજો કે. તો ઠીક, આમ વિચારીએ છીએ, એ આપણ બધી ભુલ છે?

પરમાત્મા આપણને કહે છે કે, આત્મા- દર્શન, ચારિત્ર, વીર્ય અને ઉપયોગ આદિ ગુણ ધર્મ છે, સ્વભાવ છે. આમ સ્પષ્ટ કહ્યું છે, તો આપણે પોતાના સ્વભાવનો ત્યાગ કરવા ઉપાય જીએ છીએ, તે કેમ બને? કારણ કે એવો કોઇ વખત નહિ આવશે કે, જ્યારે આકાશ પોતાના વકાશ આપવાના ધર્મનો ત્યાગ કરશે, અને કોઇ ર દિવસ એવો નહિ આવશે કે, જેમાં ધર્માસ્તિ ક પોતાના ચલણ સહાય સ્વભાવને મુકશે, તેમજ ર ધર્માસ્તિ કાય પોતાના સ્થીરતા આપવાના સ્વભાવ

રે, કારણ કે વસ્તુ પોતાના સ્વભાવને કદી મુકતી
થી, એ ચોકસ સિદ્ધાંત છે. તેજ પ્રમાણે આપણો
ાત્મા પણ કદી વીર્યત્વ ગુણનો ત્યાગ કરતો નથી.
 ગુણ તો એનું આત્માપણું બતાવે છે, તો એ ગુણ
તેનાથી કેમ તજાય? જેમ પાણીને ઉપાધીવશે ઉષ્ણ
તું પડે છે, અને તે વખતે તેનો શીતત્વનો ગુણ
જણાતો નથી, પણ જ્યારે અગ્નિ ઉપર તે પાણી નાં-
ખવામાં આવે છે, ત્યારે તેના શીતત્વની તરતજ
ખાતરી થાય છે. કારણ કે, નાંખતાવારજ તે અગ્નિને
શાંત કરે છે. તેનો સ્વભાવ જે શીતત્વ તે તેનામાંથી
કદી ચાલ્યો જતો નથી, તેમજ આપણો આત્મા પણ
પુદ્‌ગળની ઉપાધીથી રજ, તમ અને સત્વાદિ ગુણો-
વાળો જણાય છે, અને તે તે ગુણોમય અનુભવાય છે.
પણ વસ્તુતાએ તે તેવો નથી, અને થવાનો પણ નથી.

પ્રિય વાંચનાર! વીર્યત્વ એ જ્યારે આત્માનો
ગુણ છે, ત્યારે વિચારવું જોઈએ કે, જેમ જ્યાં ઉષ્ણ-
પણું હોય, ત્યાં અગ્નિની પ્રતિતી થાય છે, તેમજ જ્યાં

વીર્યત્વ હોય, ત્યાંજ આત્મા જાણ્યો. અન્યથા જડતા સમજવી.

અહો! વીતરાગની વાણીની શી ખુબી છે? અને જેણે પોતાને જાણ્યો છે, તેણે સર્વને જાણ્યા છે. અને જેણે સર્વને જાણ્યા છે, તેણે પોતાને જાણ્યો છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ—

जे एगं जाणइ, से सव्वं जाणइ,

जे सव्वं जाणइ, से एगं जाणइ.

અર્થ—જે એકને જાણે છે, તે સર્વને જાણે છે. અને જે સર્વને જાણે છે, તે એકને જાણે છે.

ખરેખર જેણે પોતાનું આત્મ સ્વરૂપ યથાર્થપણે જાણ્યું છે, તેણે સર્વ દ્રવ્યનું સ્વરૂપ જાણ્યું છે, [illegible] જેણે સર્વ દ્રવ્યનું સ્વરૂપ જાણ્યું છે, તેણે પોત[illegible] આત્માનું સ્વરૂપ જાણ્યું છે. કારણ કે જ્યાં સુધી [illegible] આત્માનું સ્વરૂપ જાણ્યું નથી, ત્યાં સુધી [illegible] સર્વ દ્રવ્યનું સ્વરૂપ જાણીજ શકતો નથી. અને [illegible]

સુધી તેણે સર્વ દ્રવ્યનું સ્વરૂપ જાણ્યું નથી, ત્યાં સુધી તે આત્માનું સ્વરૂપ પણ જાણી શકતો નથી. કહ્યું છે કે:—

एको भावः सर्वथा येन दृष्टः
सर्वे भावाः सर्वथा तेन दृष्टाः
सर्वे भावाः सर्वथा येन दृष्टाः
एको भावः सर्वथा तेन दृष्टः

અર્થ—એક પદાર્થ સર્વ પ્રકારે જેણે જોયો છે, તેણે સર્વે પદાર્થો સર્વ પ્રકારે જોયા છે, અને સર્વ પદાર્થો જેણે સર્વે પ્રકારે જોયા છે, તેણે એક પદાર્થ સર્વ પ્રકારે જોયો છે.

આમ હોવાથી આત્મ સ્વરૂપને જેણે જાણ્યું છે, તેણે પોતાના વીર્યત્વાદિ ગુણો જોયા છે. અને જેણે વીર્યત્વાદિ ગુણો જોયા છે, તેણે પોતાનું આત્મ સ્વરૂપ જોયું છે. આ વાત યુક્તિ પૂર્વક સિદ્ધ થાય છે, અને તે એમજ છે.

નાદિ કાળમા

તે આત્મ ને

એ સ્વરૂપ

સઘ દુઃખ

છે.

અનેક ઉપ

? અને તે

જાણવાનો

જ વાસ્ત

તી નથી.

મહારાજ

ભવ દુઃખ

આતમ જ્ઞાને તે સ્જો, એમ મન સદ્દહીયે,
આતમ તત્ત્વ વિચારીએ.

પ્રિય વાચક! આ વચનામૃતો આપના હૃદય પટપર કોતરી રાખશો, અને પુનઃ પુનઃ એને સ્મરણમાં રાખશો. કારણ કે આખા સિદ્ધાંતનું રહસ્ય આ ગાથામાં મહાત્માએ સમાવ્યું છે, અને સર્વ શાસ્ત્રનો સાર માત્ર કહી દીધો છે. માટે અન્ય વિકલ્પ જાળમાં ન પડતાં સત્પુરૂષાર્થ કે જેનાથી આત્મ સ્વરૂપની પ્રાપ્તિ થાય છે, અને અનંત દુઃખનું સ્થાન જે સંસાર તેનો નાશ થાય છે, તથા પરમાનંદની પ્રાપ્તિ થાય છે, તેવા સત્પુરૂષાર્થનું એકાગ્ર ચિત્તે સેવન કરો; એજ ખરો પુરૂષાર્થ છે. અન્ય સર્વે પુરૂષાર્થો ભાસ માત્ર જાણવા. કારણ કે, જેમ ઝાંઝવાનું જળ જોઈને મૃગો ભ્રાંતિથી તે તરફ દોડે છે, પણ આખર પ્રાપ્ત કરી શકતા નથી, તેમ અન્ય પુરૂષાર્થો સર્વે તેના જેવા જાણવા. સત્ય સુખ જે આત્મ સ્વરૂપ તે તો સત્પુરૂષાર્થથીજ પ્રાપ્ત થશે, એમ ખાતરીથી માનવું.

શાસ્ત્રકારોએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો કહ્યા છે. તેમાં ધર્મથી બાકીના ત્રં પ્રાપ્ત થઇ શકે છે. માટે મુખ્ય ધર્મજ સેવવા લા છે, તેજ જાણવા લાયક છે, અને તેજ અનુવર્તન કર લાયક છે. માટે ધર્મની પ્રાપ્તિ કરીને આત્મ-સ્વરૂ જાણવું, એજ બધા પ્રકારના પુરુષાર્થનું શીરો િ

માટે પ્રિય વાચકો! મારો આ નિબંધ વાં ી તે પુરુષાર્થના મહીમા અલ્પ જાણી શક્યા હો સત્પુરુષાશ્રયથી આત્મ-સ્વરૂપ જાણવાને ઉદ્યુક્ત ઓ. આમ કરશો તો અવશ્ય તમે જન્મ મરણના માંથી મુક્ત થઇને મોક્ષ પદને પામશો.

છેવટે મારી પરમ કૃપાળુ પરમાત્મા પાસે એજ ર્થના છે કે, આ નિબંધ મારા માનવ બાંધવોના ધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક દુઃખોનો શ કરીને પરમાનંદ સ્વરૂપને આપો.

આનંદ! આનંદ!! આનંદ!!!